Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :23• Date : 26-10-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# ઈઝરાયેલના હુમલામાં ૧૮૭૩ માસૂમ બાળકોના મોત



નવી દિલ્હી, તા.૨૩

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૬ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશોમાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. આ યુદ્ધથી બાળકો ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને દેશોમાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા છે. સોશિયલ મીડિયા પર અનેક તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે.

પેલેસ્ટિનિયન સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે ગાઝામાં માર્યા ગયેલા બાળકોની સંખ્યા વધીને ૧,૮૭૩ થઈ ગઈ છે. તે જ સમયે, ઈઝરાયેલના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો છે. આ હુમલામાં લગભગ ૧,૪૦૦ લોકો માર્યા ગયા છે, ૩,૫૦૦ ઘાયલ થયા છે અને ૨૦૦ નાગરિકોને હમાસ લડવૈયાઓએ બંધક બનાવ્યા છે. જોકે, ઈઝરાયેલ સરકારે બાળકો અંગે કોઈ ડેટા જાહેર કર્યો નથી. આ યુદ્ધ ૭ ઓક્ટોબરના રોજ શરૂ થયું હતું, ત્યારબાદ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનમાં મોટા પાયા પર બાળકો વિરુદ્ધ ગંભીર ઉલ્લંઘનના અહેવાલો સામે આવ્યા છે. બાળકોની હત્યા, અપંગ અને અપહરણના અહેવાલો છે. એવું નથી કે આ યુદ્ધમાં બાળકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બલ્કે દરેક સંઘર્ષ કે યુદ્ધમાં બાળકોને નિશાન બનાવવામાં આવે છે. હાલમાં, સીરિયા એ ૧૦ સૌથી ખતરનાક સંઘર્ષ ઝોનમાંનો એક દેશ છે, જ્યાં મૃત્યુ પામેલી દરેક બીજી વ્યક્તિ એક બાળક છે. જ્યારે સોમાલિયામાં દર ત્રણમાંથી એક મૃત્યુ એક બાળકનું છે. માલી અને બુર્કિના ફાસોમાં, દર ૬ મૃત્યુમાં ૧ અને કોંગોમાં દર ૮ મૃત્યુમાં ૧ બાળક છે. તાજેતરના વર્ષોમાં, બાળકો વધુ નરમ લક્ષ્ય બની ગયા છે કારણ કે વિશ્વભરમાં તકરાર વધી રહી છે. જેના કારણે મૃત્યુઆંક પણ વધી ગયો છે. ૨૦૨૨માં લગભગ ૨.૩૮ લાખ લોકોના મોત થયા હતા. આ આંકડો ૨૮ વર્ષમાં સૌથી વધુ છે. સૌથી વધુ મૃત્યુ ઈથોપિયા, યુક્રેન, મેક્સિકો, કોંગો, માલી, યમન, સોમાલિયા, નાઈજીરિયા અને મ્યાનમારમાં થયા છે.

# કોઈપણ હોસ્પિટલમાં એક રુપિયો આપ્યા વગર થશે સારવાર

નવી દિલ્હી,

ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા આરોગ્ય વીમા પોલિસીમાં બે નવી સુવિધાઓ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. તે દેશભરની કોઈપણ આરોગ્ય વીમા અથવા સામાન્ય વીમા કંપની દ્વારા જારી કરવામાં આવતી તમામ આરોગ્ય પોલિસીઓ માટે હોસ્પિટલોનું નેટવર્ક અને ૧૦૦% કેશલેસ સેટલમેન્ટ સિસ્ટમ છે. આ સુવિધાઓ લાગૂ થવાની સાથે પોલિસીધારક દેશના કોઈપણ ભાગમાં સ્થિત હોસ્પિટલમાં ૧૦૦% કેશલેસ સારવારની સુવિધા મેળવી શકશે. હાલમાં ભારતમાં ૪૯ ટકા હોસ્પિટલોમાં કેશલેસ સેટલમેન્ટની સુવિધા છે.

વધારે મોંઘા તબીબી બીલો ટાળવા માટે જનરલ અને હેલ્થ ઈન્સોરન્સ કંપનીઓ લિસ્ટેડ હોસ્પિટલોની સૂચીમાં બદલાવ કરતા રહે છે. તેનાથી બચવા માટે વીમા નિયામક તમારી આરોગ્ય વીમા ક્લેઈમની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરના જનરલ કેશલેસ હોસ્પિટલ નેટવર્કને લાવવા માટે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ સાથે મળીને કામ કરી રહ્યું છે. જૂનો જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષનું કહેવું છે કે, પ્રથમ તબક્કામાં વીમા કંપનીઓમાં હોસ્પિટલોની કોન્સોલિડેટેડ લિસ્ટ બનાવવામાં આવી રહી છે. જીઆઈસી મારફતે એક સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્ક બનાવવામાં આવશે જે હોસ્પિટલો અને તમામ લાઈસન્સ પ્રાપ્ત હેલ્થ અને જનરલ વીમા કંપનીઓ સાથે ઈન્ડસ્ટ્રી સ્તરનો કરાર હશે. જીઆઈ કાઉન્સિલના સભ્યો આ કરારનો ભાગ બનશે. શનાઈ ઘોષનું કહેવું છે કે, એક વખત સંપૂર્ણ પણે અમલમાં આવ્યા બાદ દરેક વીમા કંપનીના ગ્રાહકને એક જ સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્કની સુવિધા મળી જશે. જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલે હોસ્પિટલોની સામાન્ય પેનલની રચના કરવા માટે પહેલેથી જ એક સમિતિની રચના કરી છે. આ સવાલના જવાબમાં શનાઈ ઘોષ કહે છે કે, આ પહેલથી અમે ગ્રાહકોને ઈન્ટીગ્રેટેડ સેન્ટ્રલાઈઝ્ડ કેશલેસ હોસ્પિટલ નેટવર્ક ઉપલબ્ધ કરાવી શકીશું. જે સુનિશ્ચિત કરશે કે ગ્રાહક માટે ક્લેઈમનો અનુભવ મુશ્કેલીઓથી મુક્ત હોય. જો ગ્રાહકો પાસે કોઈ વીમો છે, તો તેમની પાસે તમામ કેશલેસ હોસ્પિટલોની એક્સેસ હશે. ઈન્ટિગ્રેટેડ સેન્ટ્રલાઈઝ્ડ કેશલેસ હોસ્પિટલ નેટવર્ક માટે ઈન્ડસ્ટ્રી લેવલ પ્રાઈસિંગ નક્કી કરવામાં આવશે. એચડીએફસી ઈઆરજીઓ જનરલ ઈન્શ્યોરન્સના રિટેલ બિઝનેસના પ્રેસિડેન્ટ પાર્થાનિલ ઘોષનું કહેવું છે કે, કેશલેસ નેટવર્કના ભાગરૂપે તમામ હોસ્પિટલો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે ઈન્ડસ્ટ્રી સાથે મળીને કામ કરશે. આનાથી ખર્ચમાં ઘણો ઘટાડો થશે અને છેતરપિંડી પણ ઓછી થશે. જે સુનિશ્ચિત કરશે કે, હોસ્પિટલોમાં તબીબી સારવાર મેળવતી વખતે વાસ્તવિક ગ્રાહકોને ઓછામાં ઓછી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જનરલ કેશલેસ નેટવર્કને તમામ ઈન્સ્યોરન્સ પ્લેયર્સ એક્સેસ કરી શકે છે. તેના દ્વારા નિયામક ૧૦૦ ટકા કેશલેસ હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમ સેટલમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની પણ યોજના બનાવી રહ્યું છે.

# સાણંદમાં ૨૫૦ મેગાવોટનો હાઈડ્રોજનના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝરનો પ્લાન્ટ નખાશે

અમદાવાદ, તા.૨૩

ગ્રીન્ઝો ઈન્ડિયાગુજરાતમાં રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે ૨૫૦ મેગાવોટની ક્ષમતાનો હાઈડ્રોજનના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર બનાવવાનો પ્લાન્ટ નાખશે. સાણંદમાં સ્થપાનારો આ પ્લાન્ટનું કામ છથી સાત મહિનામાં સુધીમાં પૂરું થઈ જવાની ધારણા છે. ગ્રીન્ઝો ઈન્ડિયાએ સતત ત્રણ વર્ષ સુધી સંશોધન કરીને આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર ડેવલપ કર્યા છે. આ આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝન પાણીમાંના હાઈડ્રોજનના બે કણ અને ઓક્સિજનના એક કણને અલગ પાડવાની કામગીરી કરે છે. આ પ્રક્રિયા કરવા માટે માત્ર રિન્યુએબલ એનર્જીનો જ ઉપયોગ કરશે અને ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે. તેમાં કોલસા જેવા ઈંધણનો વપરાશ કરાશે નહિ. તેને કારણે પેદા થતાં કાર્બનનું ઉત્સર્જન ન થતું હોવાથી તેને ગ્રીન હાઈડ્રોજન તરીકે ઓળખાવવામાં આવે છે. ગ્રીન્ઝો ઈન્ડિયા એક, બે અને પાંચ મેગાવોટના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર બનાવશે. કંપની કુલ મળીને વર્ષમાં ૨૫૦ મેગાવોટના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન કરશે અને તેને માટે રૂ. ૩૫૦૦ કરોડનું મૂડીરોકાણ કરશે. કંપનીની ઉત્પાદન ક્ષમતા બે વર્ષના ગાળામાં બમણી કરીને ૫૦૦ મેગાવોટ કરી દેવામાં આવશે. કસ્ટમર્સની ડીમાન્ડ વધતા દર બે વર્ષે તેની ઉત્પાદન ક્ષમતા બમણી કરી દેવાનું આયોજન છે. આગામી પાંચ વર્ષમાં તેની ઉત્પાદન ક્ષમતા ૧૦૦૦ મેગાવોટ એટલે કે એક ગીગાવોટને આંબી જાય તેવું ધ્યેય રાખવામાં આવ્યું છે. ગ્રીન્ઝો ઈન્ડિયાને આ પ્રોજેક્ટ માટે સાણાંદ જીઆઈડીસીના ફેઝ ટુમાં ૧૩,૭૭૭ ચોરસ મીટર જમીનની ફાળવણી કરવામાં આવેલી છે. આ પ્રોજેક્ટ માટે જોઈતી તમામ મંજૂરીઓ ગુજરાત સરકાર તરફથી આપી દેવામાં આવી છે. સાણંદ જીઆઈડીસીમાં આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન પાંચ જ માસમાં ચાલુ કરવામાં આવશે. ગ્રીન્ઝો ઈન્ડિયાના ડિરેક્ટર કિશોર પટેલનું કહેવું છે કે, ૨૪ ઓક્ટોબર ૨૦૨૩થી કંપનીના પ્રોજેક્ટ પર કામ શરૂ થશે અને તે વહેલામાં વહેલી તકે પૂરો કરવામાં આવશે. અમારી પાસે આજની તારીખે રૂ.૧૧૦૦ કરોડના ઓર્ડર તૈયાર છે.

## તંત્રી લેખ

# સાઈબર ફ્રોડમાં વધારો

*ડિજિટલ થતા ભારતમાં જ્યાં જીવનશૈલીમાં બદલાવ અને પ્રગતિની આશા જાગી છે, ત્યાં જ સતત થઈ રહેલા સાઈબર હુમલાથી થનારા નુક્સાને નીતિ-નિયંતાઓની ચિંતા પણ વધારી દીધી છે. જેનાથી નાગરિકોના ખાતાંમાં ખાતર પાડી દર વર્ષે હજારો કરોડ રુપિયાની લૂંટ ચલાવાય છે. આ પડકારના મુકાબલા માટે ગત દિવસોમાં સાઈબર અપરાધીઓના ઠેકાણાં પર દેશવ્યાપી કાર્યવાહી કરવામાં આવી. ગત દિવસોમાં સીબીઆઈએ એવા ૭૬ ઠેકાણાં પર રેડ કરી. સીબીઆઈએ ઓપરેશન ચક્ર-૨ અંતર્ગત એ સાઈબર અપરાધીઓ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું, જે ભારતીય નાગરિકો સાથે અબજો રુપિયાની ક્રિપ્ટોકરન્સી છેતરપિંડી કરનારી ગેંગ સાથે જોડાયેલ રહ્યા છે. અસલમાં આ કાર્યવાહી નાણાંકીય ગુપ્તચર એકમ એટલે કે એફઆઈયુ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ જાણકારી પર આધારિત હતી. ઉલ્લેખનીય છે કે આ બાબતે માઈક્રોસોફ્ટ અને એમેઝોને ફરિયાદ નોંધાવી હતી. તેમનો આરોપ હતો કે અપરાધી કોલ સેન્ટરો દ્વારા વિદેશી નાગરિકોને આ કંપનીઓના ટેકનિકલ સહયોગી ગણાવીને શિકાર બનાવતા હતા. આ અભિયાન અંતર્ગત પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને દિલ્હી વગેરેમાં સાઈબર અપરાધીઓનાં ઠેકાણાં પર છાપામારી કરવામાં આવી. તેનાથી ખબર પડે છે કે દેશની અંદર પણ સાઈબર અપરાધીઓની જાળ કેવી ફેલાયેલી છે.*

*ભારતમાં ઝડપથી વધતા સાઈબર અપરાધ એ વાતનો પણ સંકેત છે કે અપરાધી ટેકનિકલ રૂપે દક્ષતા હાંસલ કરીને આક્રમક રીતે પોતાના અભિયાનને અંજામ આપી રહ્યા છે. આ સાઈબર હુમલા ડિજિટલ અભિયાનની સફળતાને ડાઘ લગાડે છે. સાઈબર અપરાધોના પડકારનો સામનો કરવા માટે સુરક્ષા તંત્રને મજબૂત કરવાની જરૂર છે, સાથે જ નાગરિકોને પણ જાગૃત કરવાની જરૂર છે. રોજેરોજ સાઈબર ફ્રોડના કિસ્સા મીડિયામાં ચમકતા રહે છે. લોકોની પરસેવાની કમાણી સાઈબર અપરાધીઓ સેકંડોમાં ઉડાવી જાય છે. આઈઆઈટી કાનપુરમાં સ્થિત એક એનજીઓનો રિપોર્ટ દર્શાવે છે કે ૨૦૨૦થી ૨૦૨૩ સુધી નોંધાયેલ સાઈબર અપરાધોમાંથી ૭૭.૪ ટકા કેસો ઓનલાઈન આર્થિક છેતરપિંડીના છે. અસલમાં સાઈબર અપરાધની દષ્ટિએ સંવેદનશીલ દસ શહેરોના આંકડાના વિશ્લેષણથી ખબર પડે છે કે સાઈબર સુરક્ષાના બુનિયાદી માળખાનો અભાવ, સામાજિક-આર્થિક પડકારો તથા ઓછી ડિજિટલ સાક્ષરતાને કારણે આવા અપરાધોને ઉત્તેજન મળે છે. અપરાધ સામે લડવાની ચીલાચાલુ રીતભાતોથી સાઈબર અપરાધોનો સામનો ન કરી શકાય, કારણ કે તેઓ ભલાભોળા નાગરિકોને છેતરવા માટે રોજ નવી રીતો વિકસિત કરી રહ્યા છે. નાગરિકોને જાગૃત કરવા તથા સુરક્ષાના વ્યાવસાયિક પરામર્શથી આ પડકારનો મુકાબલો કરી શકાય છે. કાયદા પ્રવર્તન એજન્સીઓએ લોકો, ધંધાદારીઓ અને નીતિ-નિર્માતાઓના બહેતર તાલમેલથી આ પડકારનો મુકાબલો કરવો જોઈએ.*

### ઈઝરાયલ-હમાસ યુદ્ધ કંઈ અમસ્તું શરૂ નથી થયું

# ઈઝરાયેલ અને હમાસ યુદ્ધમાં હિઝબુલ્લાની મહત્વની ભૂમિકા

## ઈઝરાયલ ગાઝાપટ્ટી ઉપર ભૂમિ ઉપરથી આક્રમણ કરશે, ભારે કિંમત ચુકવવી પડશે : લેબેનોન કટ્ટરપંથી સંગઠન



નવી દિલ્હી,

ઈઝરાયલ-હમાસ યુદ્ધ કંઈ અમસ્તું અને એકાએક શરૂ નથી થયું. તેની પાછળ કેટલાયે દેશો અને સંગઠનોની મહત્વની ભૂમિકા છે. હમાસ ઉપર કરેલી ઈઝરાયલની કાર્યવાહી દરમિયાન તેના અનેક પુરાવા મળી આવ્યા છે.

ઈઝરાયલી સેનાને હમાસ આતંકીઓ પાસેથી ઈરાનના અને ઉ.કોરિયાનાં કેટલાંયે શસ્ત્રોનો જથ્થો મળી આવ્યો છે, ત્યારે લેબેનોનનાં ખતરનાક ઈસ્લામિક સંગઠન હિઝબુલ્લાએ કહ્યું કે, આ યુદ્ધમાં અમારી મહત્વની ભૂમિકા છે. તેણે ખુલ્લી રીતે તે વાત જણાવી છે.

લેબેનોનનાં કટ્ટરપંથી આ ઈસ્લામિક સંગઠને વધુમાં કહ્યું છે કે જો ઈઝરાયલ ગાઝાપટ્ટી ઉપર ભૂમિ ઉપરથી આક્રમણ કરશે, તો તેને તેની ભારે કિંમત ચુકવવી પડશે.

હિઝબુલ્લાના ઉપનેતા શેખ નઈમ કાસીમે આ કથન તે સમયે કર્યું છે કે જ્યારે ઈઝરાયલે દ.લેબેનોનમાં બોમ્બમારો કર્યો અને ડ્રોનથી હુમલા શરૂ કર્યા છે. તથા રોકેટ અને મિસાઈલ્સ છોડયા હતા. આ હુમલામાં છ આતંકીઓ માર્યા ગયા હતાં. કાસીમે કહ્યું કે, 'લેબેનોન-ઈઝરાયલ સરહદે તણાવ ઉભો કરવા પાછળ સ્પષ્ટ ઉદ્દેશ છે, અમે યહુદી દુશ્મનોને કમજોર કરવા પ્રયત્નો કરી રહ્યા છીએ.' જો ઈઝરાયલ ગાઝામાં ભૂમિ ઉપરથી હુમલા શરૂ કરશે તો હિઝબુલ્લા યુદ્ધમાં જોડાઈ જશે. વાસ્તવમાં હમાસે દક્ષિણ ઈઝરાયલ ઉપર ૭ ઓક્ટોબરે અકારણ અને ઓચિંતા હુમલા શરૂ કર્યા પછી ઈઝરાયલે ગાઝાપટ્ટીની ઘેરાબંધી શરૂ કરી દીધી છે, અને વળતા હુમલા શરૂ કરી દીધા છે.

શનિવારે ઈજીપ્ત અને ગાઝાપટ્ટી વચ્ચેની સરહદ ઈજીપ્તે ખોળી નાખી છે, તે પછી આશરે બે સપ્તાહ પછી પાણી, ભોજન, અને દવા માટે વલખા મારતા પેલેસ્ટાઈનીઓને સહાય પહોંચવી શરૂ થઈ ચૂકી છે. આ સાથે નિરીક્ષકો કહે છે કે, ઈરાન સમર્થિત હિઝબુલ્લા ઉત્તર ઈઝરાયલ ઉપર વ્યાપક રીતે હુમલા કરી ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં નવો મોર્ચો ખોલવા પ્રયત્ન કરી રહ્યું છે. હિઝબુલ્લા પાસે હજ્જારો રોકેટ અને મિસાઈલ ઉપરાંત વિભિન્ન પ્રકારનાં ડ્રોન વિમાનો છે.

# વધારાની ૨ હજાર એસટી બસ દોડાવવાનો લીધો નિર્ણય

નવી દિલ્હી,

દિવાળીના તહેવારને લઈને એસટી વિભાગે એકશન પ્લાન બનાવ્યો છે. એસટી વિભાગે દિવાળીના તહેવાર પર વધારાની ૨ હજાર બસ દોડાવવાનું આયોજન કર્યું છે. મુસાફરોને હાલાકી ના પડે તે માટે આ વ્યવસ્થા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો છે બાકી ત્યારે ગુજરાત વાહન વ્યવહાર નિગમ તરફથી તહેવારો દરમિયાન વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. દિવાળીના તહેવારો દરમિયાન લોકો મોટા પ્રમાણમાં પોતાના વતને જતા હોય છે ત્યારે વતન જતા મુસાફરોને કોઈ હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ તરફથી વધારાની બસો દોડાવવાનું આયોજન કર્યું છે. ચાલુ વર્ષે દિવાળીએ ગુજરાત એસટી નિગમ તરફથી અંદાજિત ૨ હજાર જેટલી વધારાની બસો પ્રવાસીઓ માટે દોડાવવાનો નિર્ણય કરાયો છે. આ વખતે એસટી નિગમ તરફથી શ્રમિક વર્ગને પણ કોઈ હાલાકી ન પડે તેની તકેદારી રાખી છે. વતન જવા માંગતા શ્રમિકોને પોતાના નિશ્ચિત સ્થળ પરથી એક સાથે બસના તમામ પ્રવાસી જેટલી સંખ્યા થાય તો એસટી નિગમ ઓન ડિમાંડ બસ સ્થળ પર પહોંચાડશે. જ્યાંથી તેમને વતનમાં પહોંચાડવામાં આવશે. અગાઉ ગયા સપ્તાહમા ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમે રાજયભરમાં કટકીબાજ કંડકટરો સામે કાર્યવાહી કરી હતી.

### ચૂંટણી પંચે અભિનેતાને મોટી જવાબદારી સોંપી

# રાજકુમાર રાવને ચૂંટણી પંચે નેશનલ આઈકોન બનાવ્યો

## નેશનલ આઈકોન લોકોને મતદાનને લઈને જાગૃત કરે છે અને પંચમનો પ્રયાસ મતદાનની ટકાવારી વધારવાનો છે

નવી દિલ્હી,

ભારતીય ચૂંટણી પંચે આ વખતે અભિનેતા રાજકુમાર રાવ ને પોતાનો નેશનલ આઈકોન બનાવવાનો નિર્ણય કર્યો છે. રાજકુમાર રાવને આવતીકાલે પંચ નેશનલ આઈકોન તરીકે નિયુક્ત કરશે. નેશનલ આઈકોન લોકોને મતદાનને લઈને જાગૃત કરે છે અને તેમનો પ્રયાસ મતદાનની ટકાવારી વધારવાનો છે.

હિલ્દી ફિલ્મોના અભિનેતા રાજકુમાર રાવે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે અને તેમની ઘણી ફિલ્મો હિટ રહી છે પરંતુ 'ન્યૂટન' એક એવી ફિલ્મ છે જેણે તેમને એક અલગ જ ઓળખ આપી હતી. રાજકુમાર રાવને ૨૦૧૭માં રિલીઝ થયેલી આ ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. આ ફિલ્મમાં રાજકુમાર રાવ નૂતન કુમાર નામના સરકારી ક્લાર્કના રોલમાં જોવા મળ્યો હતા. નૂતન કુમાર એક ક્લાર્ક હતા જે નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણીઓ કરાવવા માટે પ્રતિબદ્ધ હતા. ચૂંટણી પંચ તેમના આ રોલના ફાયદો ઉઠાવીને મતદાન માટે ઉત્સાહ પેદા કરવા માંગે છે. આ વર્ષે ઓગસ્ટમાં ચૂંટણી પંચે પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને દેશના નેશનલ આઈકોન બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ચૂંટણી પંચ વધુમાં વધુ લોકો મતદાન કરે તેવું ઈચ્છે છે અને પંચનું મોટા ભાગે ધ્યાન યુવાનોપર છે તેથી જ તેણે પહેલા સચિન અને હવે રાજકુમાર રાવ જેવા સેલિબ્રિટીને પસંદ કર્યા છે.

જ્યારે ચૂંટણી પંચ કોઈને નેશનલ આઈકોન બનાવે છે ત્યારે તે સેલિબ્રિટીએ ચૂંટણી પંચ સાથે એક સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કરવાના હોય છે અને પછી આ સેલિબ્રિટી જાહેરાતો દ્વારા, તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અથવા અન્ય કાર્યક્રમો દ્વારા લોકોને મતદાન માટે જાગૃત કરે છે. આ પહેલા પણ ચૂંટણી પંચ દ્વારા ઘણા ખેલાડી અને કલાકારોને નેશનલ આઈકોલ બનાવી ચૂક્યું છે.



દશેરા નીમીતે હોમગાર્ડમાં શસ્ત્ર પુજન આઈપીએસ મનોજ અગ્રવતના હસ્તે કરવામાં આવ્યુ

# કેટરીનાએ ઘણુ છૂપાવ્યુ પરંતુ આખરે દેખાઈ જ ગયુ તેનુ બેબી બંપ

મુંબઈ,

બૉલિવુડની ટોચની અભિનેત્રીઓ કેટરીના કૈફ હાલમાં તેની આગામી ફિલ્મ 'ટાઈગર ૩'ને લઈને ચર્ચામાં છે. લોકો તેના એક્શન સીન્સને ખૂબ પસંદ કરી રહ્યા છે. જો કે, આ દરમિયાન ફરી એકવાર કેટરિના કૈફની પ્રેગ્નન્સીના સમાચાર સામે આવવા લાગ્યા છે. કેટરીના કૈફ હાલમાં જ દુર્ગા પૂજામાં ભાગ લેતી જોવા મળી હતી. અભિનેત્રીએ લાલ રંગની સુંદર સાડી પહેરી હતી. જો કે, આ દરમિયાન તેની સ્ટાઈલ તરફ લોકોનું ધ્યાન સૌથી વધુ આકર્ષિત થયુ. અભિનેત્રી વારંવાર પોતાનું પેટ છુપાવતી જોવા મળી હતી. આ વીડિયો હવે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં તે લાલ રંગની પ્રિન્ટેડ સાડી પહેરેલી જોવા મળી રહી છે. તેણે કાળજીપૂર્વક તેના પેટ પર હાથ મૂક્યો છે. એટલું જ નહીં, તે કેમેરાની સામે પોતાના બંને હાથ વડે પેટ ઢાંકતી જોવા મળે છે. આ વીડિયો જોઈને ફેન્સ ચોક્કસપણે કહી રહ્યા છે કે કેટરીના ચોક્કસપણે પ્રેગ્નન્ટ છે. આ ઉપરાંત, અભિનેત્રીની હરકતોના કારણે પણ આ અફવાએ જોર પકડ્યુ છે, આ પછી લોકોને ફરી એકવાર કેટરીનાની પ્રેગ્નન્સી વિશે વાત કરવાનો મોકો મળ્યો છે.

# અમદાવાદના નવા પોલીસ કમિશ્નર સવારે ૯ વાગ્યે ઓફિસ પહોંચી જાય છે

અમદાવાદ,

અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશ્નર ગ્યાનેન્દ્ર સિંહ મલિકનું અમદાવાદ શહેરમા પોસ્ટીંગ થયા બાદ શહેરના ઓલમોસ્ટ તમામ પોલીસ સ્ટેશનનાં **PI** ની હાલત દયનીય થઈ ગઈ છે. **PI, PSI** થી લઈને કોન્સ્ટેબલ સુધીના અધિકારી કર્મચારીઓમાં પોલીસ કમિશ્નરનો ડર છે. છેલ્લા બે દાયકાથી અમદાવાદ શહેરના પોલીસ કર્મચારીઓના સીટ રજીસ્ટર પર કામગીરી નથી થઈ જેના કારણે ઘણા કર્મચારીઓ એક જ પોલીસ સ્ટેશનમાં વર્ષોથી દબદબો બનાવીને બેઠા છે. પોલીસ કમિશ્નર મલિકે એક જ પોલીસ સ્ટેશનમાં વર્ષોથી કામ કરતા કર્મચારીઓનીની બદલીનો પ્લાન તૈયાર કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં માત્ર અત્યાર સુધીમા ઓછામાં ઓછા દસ જેટલા પોલીસ કમિશ્નરો બદલાયા પણ તેમના કાર્યકાળમાં કોઈએય સીટ રજીસ્ટર પર કામગીરી કરી નથી. કમિશ્નર મલિક અઠવાડિયામાં ત્રણ દિવસ વહેલી સવારે ૯ વાગે સીપી ઓફિસ આવી જાય છે અને સાડા નવ વાગ્યા સુધી લગભગ ત્રણ કલાકથી વધારે સમય ઓફિસમાં ફાઈલોનો નિકાલ કરે છે. પોલીસ કમિશ્નર સવારે ૯ વાગે સીપી ઓફિસે ફાઈલો તપાસતા હોવાની જાણ ભાગ્યે જ કોઈને થઈ છે. કારણકે સીપી પોતાની ખાનગી ગાડીમાં આવીને કામ પતાવીને નિકળી જાય છે.

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના વડા વિજય નહેરાના પુત્ર સ્વિમિંગની વિવિધ ચેમ્પિયનશીપમાં ભાગ લઈને અવ્વલ આવતા રહ્યા છે. અને તેઓનું ઉજ્જવળ ભવિષ્ય આ ક્ષેત્રે જોવાઈ રહ્યુ છે અને એટલે જ વિજય નહેરા યુએસ ખાતેની ભારતીય એમ્બેસીમાં પોસ્ટીંગ મેળવવા ઈચ્છતા હતા એમ સૂત્રો કહી રહ્યા છે. પુત્રના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં લઈને તેઓએ ડેપ્યુટેશન માટે કેન્દ્રમાં રજૂઆત કરી હતી. પરંતુ, તેઓને અમેરિકાને બદલે દિલ્હીમાં પોસ્ટીંગ મળતા હવે વિજય નહેરા ખુદ દિલ્હી જવા માટે ખાસ ઉત્સુક હોય તેમ જણાતું નથી. જોકે હાલ તો રાજ્ય સરકારે આગામી વાઈબ્રન્ટ સમિટમાં નહેરાની મહત્વની જવાબદારીઓને લઈને નહેરાને રિલીવ કર્યા નથી. સૂત્રોનું માનીએ તો વાઈબ્રન્ટ બાદ વિજય નહેરાના દિલ્હી ડેપ્યુટેશનનો ઓર્ડર કેન્સલ થવાની શક્યતાઓ છે. રાજ્યના ગૃહ વિભાગના પૂર્વ જોઈન્ટ સેક્રેટરી નિખિલ ભટ્ટ એક વર્ષ પહેલાં જ વય નિવૃત્ત થઈ ચૂક્યા છે.

ગત વર્ષે તેમને એક વર્ષનું એક્સટેન્શન મળ્યુ હતુ, પરંતુ આ વખતે તેમના એક્સટેન્શન રીન્યુઅલની ફાઈલ ગૃહ મંત્રીને ત્યાથી હલી નથી. સચિવાવયમાં ચાલતી ચર્ચા અનુસાર એક સમયે સીએમના અંગત અધિકારી દ્વારા **PI-PSI** ની બદલીઓ માટે સીધી નીચલી કક્ષાએ સૂચના જતી હોવાની ફરિયાદ નિખિલ ભટ્ટે કરી હતી. અને આજ ફરિયાદ હવે તેમનુ એક્સ્ટેન્શન રીન્યુઅલ નહી થવાનુ કારણ હોવાનું સૂત્રો કહી રહ્યા છે. નિખિલ ભટ્ટ જે લોકોને નડી ગયા છે - તે લોકો હવે પૂરતુ જોર લગાવીને ભટ્ટને ફરીથી એક્સ્ટેન્શન ન મળે તેવા પ્રયાસોમાં છે. જોકે એન્ડ ઓફ ધીસ ઓલ કેન્દ્રમાં ટોચનાં નેતાઓ સાથેના સારા સંબંધોને કારણે અને તેમના અતિવિશ્વાસુ હોવાને કારણે નિખિલ ભટ્ટને સૌ કોઈ રેસમાં ડાર્ક હોર્સ માની રહ્યા છે. અને તેઓ ગમે ત્યારે સત્તા પર આવી શકે છે અને બદલીમાં નડી શકે છે. તેવા ડરથી તેમના વિરોધીઓ પણ ખુલ્લેઆમ નહી પણ દબાતા સૂરે વાત કરી રહ્યા છે. એક સાંસદના મત વિસ્તારમાં સાત વિધાનસભાનો સમાવેશ થાય છે. આગામી લોકસભા ચૂંટણી આવી રહી છે ત્યારે સાંસદની સાતેય વિધાનસભા પર પક્કડથી લઈને સમસ્યાઓનું સમાધાન, લોકપ્રિયતા જેવી બાબતોને લઈને પ્રદેશ ભાજપ આંતરીક સર્વે કરાવી રહ્યુ છે. જેથી કોની ટિકિટ કન્ટીન્યું રાખવી કે કાપવી તે મુદ્દે નિર્ણય થઈ શકે છે. આવામાં જે ધારાસભ્યો-સાસંદોના મત વિસ્તારમાં અશાંત ધારો લાગુ પડે છે તેઓ પરેશાન છે.

# વરદાયિની માતાજીની પલ્લીમાં હજારો લોકોએ કર્યો લાખો લિટર ઘીનો અભિષેક

ગાંધીનગર,

પાંડવ કાળથી શરૂ થયેલી વરદાયિની માતાની પલ્લીની પરંપરા આજે પણ રૂપાલ ગામમાં જીવંત છે. પ્રતિવર્ષ નવમા નોરતે વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે. દર વર્ષે લાખોની મેદની વચ્ચે નીકળતી વરદાયિની માતાજીની પલ્લી આ વર્ષે પણ ગઈકાલે નવમા નોરતે કાઢવામાં આવી હતી.

જેનાં દર્શનનો લ્હાવો લેવા હજારો લોકો ઊમટ્યા હતા. માતાની પલ્લી મંદિરથી નીકળીને ગામના ૨૭ ચોકમાંથી પસાર થઈ હતી. આ દરમિયાન લાખો લિટર ઘીનો અભિષેક કરાયો હતો. વહેલી સવાર થતાં જ રૂપાલ ગામના તમામ રસ્તાઓ પર ઘીની નદીઓ વહેતી હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગઈકાલે નવમા નોરતે રાત્રે ઉનાવાના ઠાકોર સમાજના લોકો દ્વારા વરદાયિની માતાજીની પલ્લીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જે બાદ માતાજી દર્શન આપવા માચે નીકળા હતા. આ દરમિયાન હજારો લોકો માતાજીના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. તે ગામની તમામ ગલીઓમાં ઘીની ખાસ ટ્રોલી રાખવામાં આવી હતી. જે બાદ ભક્તો દ્વારા લાખો લિટર ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે જયારે રૂપાલ ગામમાં માતાજીની પલ્લી નીકળે છે ત્યારે ગામના લોકો ઘીનો અભિષેક કરતા નથી. બીજા દિવસે દશેરાએ પલ્લી મંદિરમાં મુકાયા બાદ તેઓ માતાજીને ઘી અર્પણ કરે છે.

દર વર્ષે આસો સુદ નૌમના દિવસે ગાંધીનગરના રૂપાલ ગામમાં આનંદ અને ઉત્સાહનો મહાસાગર ઉમટે છે. ગામના તમામ કોમના લોકો કોઈ પણ જાતના ભેદભાવ વગર ઉમંગથી માના કામમાં લાગી જાય છે. આ ઉત્સવ હોય છે માતાજીની પલ્લીનો. દેશભરમાં માતા વરદાયીનીની પલ્લી પ્રખ્યાત છે. આ પલ્લીમાં હજારો-લાખો લીટર ઘીનો અભિષેક કરવામાં આવે છે.



સાબરમતી રેલવે કોલોનીમાં રાવણ દહન કરી દશેરાની ઉજવણી કરાઈ હતી

### ઓવરબ્રિજનું ગડર તૂટી પડતાં ટ્રેક્ટર અને રીક્ષા દબાઈ

# પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી પડ્યો

## પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઓવરબ્રિજ ધરાશાયી થયો છે : ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા




પાલનપુર, તા.૨૩

રાજ્યમાં ભ્રષ્ટાચારના ભારમાં પુલોની હાલત ખરાબ થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી લોકાર્પણ પહેલાં કે લોકાર્પણના ગણતરીના વર્ષોમાં પુલો ખખડધજ કે ધરાશાયી થઈ રહ્યાં છે. ત્યારે વધુ એક નિર્માણાધીન બ્રિજ તૂટી પડ્યો છે.

પાલનપુર આરટીઓ સર્કલ નજીક નિર્માણાધિન ઓવરબ્રિજ ધરાશાયી થયો છે. ઓવરબ્રિજનો એક ભાગ તૂટી પડતા રીક્ષા ચાલક સહિત ત્રણ વ્યક્તિ કાટમાળમાં દટાયા હતા. આ બનાવના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

પાલનપુરમાં નિર્માણાધીન ફલાયઓવરનો કેટલોક ભાગ ધરાશાયી થયો છે. આરટીઓ સર્કલ ખાતે બની રહેલા ફલાયઓવરના બે ગર્ડર તૂટ્યા હતા. રાજ્યના રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ દ્વારા બ્રિજ બની રહ્યો છે. હજી તાજેતરમાં જ મુખ્યમંત્રીએ આ મામલે તંત્રને કડક તાકીદ કરી હતી કે, ફલાયઓવરના નિર્માણ સમયે પુરતી ગુણવત્તા રાખવામાં આવે. છતાં મુખ્યમંત્રીની કડક ટકોર બાદ પણ અધિકારીઓએ ધ્યાન ન આપ્યુ. કેન્દ્ર સરકારે ૧૨૩ કરોડના ખર્ચે થ્રી લેગ એલિવેટેડ રોટરી રેલવે ઓવરબ્રિજ મંજૂર કર્યો હતો, જેમાં પાલનપુરની એજન્સીને ૯૦ કરોડના ખર્ચે બ્રીજ બનાવવાનું કામ મંજુર થયું છે. જે ૧૮ મહિનામાં પૂર્ણ કરાશે. જે દાતા તરફ ૬૮૨ મીટર લાંબુ, આબુ રોડ તરફ ૭૦૦ મીટર લાંબુ, અને પાલનપુર-અમદાવાદ હાઈવે તરફ ૯૫૧ મીટર લાંબા ત્રણ લેગ બનાવાશે. ગુજરાતનું પ્રથમ પિલ્લર પર થ્રીલેગ એલિવેટેડ રોટરી ડિઝાઈનનું રેલવે ઓવરબ્રિજ સ્ટ્રક્ચર તૈયાર થશે. હવામાં ૧૮થી૨૦ ફૂટ ઉપર કોઈપણ સર્કલ બન્યું નથી. આવી વારંવારની બનતી ઘટનાઓ અનેક સવાલો પેદા કરે છે. શા માટે વારે વારે બને છે નિર્માણાધીન બાંધકામોનો ભાગ તૂટવાના બનાવ....?? શું કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતના કારણે બને છે આવા બનાવ..?? જો બ્રિજ નિર્માણના સમયે જ ઢળી પડતા હોય તેની મજબૂતી કેટલી અને જો આવા બ્રિજ બને તો તેનું ભવિષ્ય કેટલું. આવા બ્રિજ પર વાહન વ્યવહાર ચાલુ થઈ જાય તો ગમે ત્યારે મોરબીવાળી ઘટના બની શકે છે. એક તરફ સરકાર રામ મંદિર બનાવવાની વાતો કરે છે. વિદેશી મહેમાનોને સ્ટેચ્યુ ઓફ યુનિટી બતાવવા બોલાવે છે. પરંતુ ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શક્તી નથી.

# ફટાકડાની ફેક્ટરી પર ત્રાટક્યું જીએસટી વિભાગ

વડોદરા,

તહેવારની સિઝન ટાણે રાજ્યમાં જીએસટી વિભાગ સક્રિય થયું છે. જેને લઈ વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. વડોદરા સાવલીમાં જીએસટી વિભાગે દરોડા પાડ્યા છે. સાવલી ખાતે આવેલી રાકેશ ફટાકડાની ઓફિસ ખાતે જીસએટી ટીમ ત્રાટકી છે અને ઓફિસ તેમજ સાવલી ખાતે આવેલ અલગ અલગ ગોડાઉનમાં સર્ચ હાથ ધર્યુ છે. દરોડા દરમિયાન હાજર કર્મચારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. રાકેશ ક્રેકર્સ ગુજરાતના નામાંકિત ફટાકડાના વેપારી છે.

હાલ જીએસટી વિભાગની સર્ચ કાર્યવાહી ચાલુ છે અને તપાસના અંતે મોટી કરચોરી હાથ લાગવાના સંકેતો છે. ગુજરાત સ્ટેટ જીએસટી અધિકારીઓએ અમદાવાદના ૫૭ સહિત રાજ્યભરમાં ૭૯ મોબાઈલ ફોન શોપ માલિકો પર દરોડા પાડીને તેમના દ્વારા કરવામાં આવેલી જીએસટી ચોરી શોધી કાઢી છે. મોબાઈલ ફોન શોપના સંચાલકો કોઈપણ બિલ વગર જ રોકડ પર મોબાઈલ વેચીને કરોડો રૂપિયાની જીએસટી ચોરી કરી રહ્યા હતા. તપાસ દરમિયાન રૂ. ત્રણ કરોડની વસૂલાત કરવામાં આવી છે. ૫૦૦ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. અમદાવાદના બિલ વગરના મોબાઈલ ખરીદ વેચાણ માટે કુખ્યાત મૂર્તિમંત માર્કેટ ઉપરાંત શહેરના ઘણા ઠેકાણે જીએસટી અધિકારીઓ ત્રાટ્યા હતા. તેમની ભેદી તપાસ અંતર્ગત સિનિયર અધિકારીઓને પણ સાચી માહિતી ન આપવામાં આવી હોવાનો ગણગણાટ ડિપાર્ટમેન્ટમાં શરૂ થઈ ગયો છે. સ્ટેટ જીએસટીના અધિકારીઓ દ્વારા તાજેતરમાં જ ભંગાર તેમજ જુદી જુદી બ્યુટી ટ્રીટમેન્ટ આપતી સંસ્થાઓ અને અન્ય કોમોડિટીઝ પર દરોડા પાડીને કરોડોની જીએસટી ચોરી સુધી કાઢી હતી. કરોડ રૂપિયાની વસૂલાત પણ કરવામાં આવી છે ત્યારે જ અધિકારીઓના ધ્યાનમાં આવ્યું હતું કે અમદાવાદ સહિત રાજ્યભરમાં હજારો કરોડના મોબાઈલ વરસે દહાડે વેચાઈ રહ્યા છે. મોબાઈલનું આટલું મોટું માર્કેટ હોવા છતાં મોબાઈલનું વેચાણ કરતા તેમજ મોબાઈલની એસેસરીઝનું વેચાણ કરતા વેપારીઓ જેટલું વેચાણ થાય છે તેટલી જીએસટી ભરતા નથી. વેપારીઓ મોબાઈલનું અને મોબાઈલ એસેસરીઝનો વેચાણ રોકડેથી કરતા હોવાથી તેની કોઈ જ એન્ટ્રી પાડતા નથી અને તેનો કોઈ રેકોર્ડ રાખતા નથી. મોબાઈલ શોપના ચાલાક સંચાલકો રોકડમાં વેપાર કરી જીએસટી ચોરી કરવા ઉપરાંત ખોટા બિલોને આધારે ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ પણ મેળવતા હતા. રાજ્યના ચોક્કસ વેપારીઓએ ખોટી રીતે ૨૨ કરોડ રૂપિયાની ઈનપુટ એક્સ ક્રેડિટ પણ મેળવી હોવાનું અધિકારીઓના ધ્યાનમાં આવ્યું હતું. તેને પગલે અમદાવાદમાં ૫૭, સુરત ૮, ભુજ ૪, રાજકોટના ૩, જૂનાગઢ ત્રણ, વડોદરા બે અને મહેસાણાના બે મળી કુલ ૭૯ મોબાઈલ શોપમાં દરોડા પાડીને અધિકારીઓએ મોટા પ્રમાણમાં વિવાદાસ્પદ વિગતો એકત્રિત કરી છે જ્યારે ઘણું ડેટા અને જુદી જુદી એન્ટ્રીઓ કબજે લીધી છે. અધિકારીઓએ તપાસ દરમિયાન ત્રણ કરોડ રૂપિયાની જીએસટીની વસૂલાત કરી છે.

# પાલનપુર બ્રિજ ધરાશાયી મામલે ૧૧ લોકો સામે ફરિયાદ, નામ ઉમેરાય તેવી શક્યતા

બનાસકાંઠા,

પાલનપુરમાં બ્રિજ ધરાશાયી થવા મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમાં સદોષ માનવવધની કલમ પણ રાખવામાં આવી છે. જી.પી,સી કંન્સ્ટ્રક્શનના સાત ડિરેક્ટરો અને એન્જિનિયરો સામે ૩૦૪ કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ છે..હાલ ૧૧ જેટલા લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા પોલીસે આ મામલે પ્રેસ કોન્ફરસ યોજી હતી અને સમગ્ર ઘટના વિશે જાણકારી આપી હતી. પ્રાથમિક તબક્કો ગાંધીનગર આરએનબી વિભાગની ટેક્નિકલ ટીમે સર્વે કર્યો છે. તેમાં ક્વોલિટી કન્ટ્રોલના સેમ્પલ લેવામાં આવ્યા છે. તેને આધારે રિપોર્ટ કરવામાં આવશે અને અન્ય આરોપીના નામ ઉમેરાય તેવી શક્યતા છે. હાલ પોલીસ આ ઘટના અંગેના પુરાવાઓ એકત્રિત કરી રહી છે.




દશેરાના દિવસે ફાફડા જલેબી મહીમા હોવાથી ફરસાણની દુકાન પાસે લાગેલ લાઈન

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya